| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ : | ૦૬ / ૦૯ /૨૦૧૬ | | |
| દાખલ તારીખ : | ૦૬ / ૦૯ /૨૦૧૬ | | |
| ફેંસલ તારીખ : | ૧૫/ ૦૭/૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૯ | ૧૦ | ૦૯ |

**કોડીનારના એડી. ચીફ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુ.કોડીનાર,જી. ગીર સોમનાથ.**

**ક્રિમીનલ કેસ નં:– ૩૭૫ /૨૦૧૬**

આંક–

**ફરીયાદી:**– શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી:– શરીફશા સુમારશા રફાઇ** ,ઉ.વ.. ૨૨ ,

રહે. મેંદરડા નવા બસસ્ટેન્ડ સામે, ઈન્ડીયન પેટ્રોલ પંપ પાછળ,

મેંદી પીર વિસ્તાર, તા. મેંદરડા , જિ. જુનાગઢ .

**ગુનો : ઈ.પી.કોડ કલમ– ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ...**

---

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી **એસ.બી.મલેક**

આરોપી તરફે વિ.વ.શ્રી **એ.એમ.નકવી**

---

## // ઠરાવ //

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીએ તા.૭/૪/૧૬ ના ક. ૧૭/૩૦–વાગ્યે કોડીનાર મેમણ કોલોની આગળ વેલનાથ ગૅરેજ પાસે કોડીનાર–વેરાવળ રોડ પર પોતાના હવાલાવાળી ટ્રક નં.જીજે–૧૧–X–૮૭૨૦ વાળી પુર ઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી અચાનક કાવો મારી મરણજનાર જીવાભાઈ નારણભાઈ વાઢેળ રે. પાવટીવાળા પોતાના હવાલાવાળી સુપર સ્પલેન્ડર મો.સા.નં. જીજે–૧૧–સીસી–૭૪૬૫ વાળી લઈ જતા હતા તેની સાથે અકસ્માત કરી ટ્રકના પાછલા વીલના જોટામાં આવી જતા મરણ ગયેલાનું ફલીત થતા આ કામના આરોપીએ ગુન્હો કરેલ હોઈ,તે મતલબ ની ફરીયાદ ના આધારે ત.ક.અમલદારે તપાસ હાથ ધરી, પુરતી તપાસના અંતે આરોપી વિરુધ્ધ ઈ.પી.કો કલમ– ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબ ના ગુના અંગેનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓ આ કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યા બાદ આરોપી નુ નિવેદન આંક–૦૩ થી નોધવામાં આવતા આરોપી એ ગુન્હો નો ઈન્કાર કરતા આ કામની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**(૩)** આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાઓ નીચે મુજબ છે.

**મૌખિક પુરાવા :–**

| આંક | વિગત |
|---|---|
| ૨૧ | ફરિયાદી: સુનીલભાઇ જીવાભાઇ વાઢેળ ની જુબાની |
| ૨૩ | સાહેદ : જોશનાબેન જીવાભાઇ વાઢેળ ની જુબાની |
| ૨૪ | રફીકભાઇ વલીભાઇ કાપડીયાની જુબાની |
| ૨૬ | રમેશભાઇ જોધાભાઇ મેવાડાની જુબાની |
| ૪૧ | હર્ષદભાઇ જીવાભાઇ વાઢેરની જુબાની |
| ૪૨ | મુસાભાઇ ફતેમહમદ ઢેબાની જુબાની |

| | |
|---|---|
| ૪૩ | ભુપતભાઇ ભગવાનભાઇ ની જુબાની |
| ૪૪ | અરશીભાઇ માલાભાઇ વાજાની જુબાની |

**દસ્તાવેજી પુરાવા :–**

| **આંક** | **વિગત** |
|---|---|
| ૨૨ | ફરિયાદની ખરી નકલ |
| ૪૬, ૪૭ | પંચનામાઓ |

ત્યાર બાદ ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોધવામાં આવેલ છે જેમા આરોપીએ ફરીયાદ પક્ષ ના પુરાવા નો ઈન્કાર કરી વિશેષ ની હકીકત માં જણાવેલ છે કે અમો આ બનાવ સમયે ટ્રક ચલાવતા ન હોવા છતા તદ્દન ખોટી રીતે પોલીસે સંડોવી દીધેલ છે અને હેરાન કરેલ છે અને હુ નિર્દોષ છુ અમોને છોડી મુકવા વિનંતી છે અને તેઓએ સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવમાં સાહેદોને તપાસવાનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે તેમના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૪) ઉપરોકત હકીકતો તેમજ પડેલ પુરાવા નજરે આ કામના નીર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૭/૪/૧૬ ના ક. ૧૭/૩૦–વાગ્યે કોડીનાર મેમણ કોલોની આગળ વેલનાથ ગેરેજ પાસે કોડીનાર–વેરાવળ રોડ પર પોતાના હવાલાવાળી ટ્રક નં.જીજે–૧૧–X–૮૭૨૦ વાળી પુર ઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી અચાનક કાવો મારી મરણજનાર જીવાભાઇ નારણભાઇ વાઢેળ રે. પાવટીવાળા પોતાના હવાલાવાળી સુપર સ્પલેન્ડર મો.સા.નં. જીજે–૧૧–સીસી–૭૪૬૫ વાળી લઇ જતા હતા તેની સાથે અકસ્માત કરી ટ્રકના પાછલા વીલના જોટામાં આવી જતા મરણ ગયેલાનું ફલીત થતા આ કામના આરોપીએ ગુન્હો કરી મોત નીપજાવી ઈ.પી. કો કલમ– ૨૭૯,

૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ –૧૭૭, ૧૮૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૫)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નંબર–૧: નકારમાં

(૨) મુદ્દા નંબર–૨: આખરી હુકમ મુજબ

<u>કારણો</u>

**<u>મુદ્રા નં.૧ :–</u>**

**(૬)** આ કામે આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાય શાસ્ત્રનાં સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરિયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. તથા હાલનાં ગુન્હામાં આરોપી વિરૂધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેના પુરાવાનો બોજ ફરિયાદ પક્ષ પર રહેલો છે. તેમજ આ કામમાં આરોપી સામે જયારે બેફીકરાઈથી વાહન ચલાવી અકસ્માત કરવાનો આક્ષેપ છે, ત્યારે ફરીયાદપક્ષે તે હકીકત સાબિત કરવી જોઈએ કે, બનાવ સમયે આરોપી જ અકસ્માતવાળુ વાહન ચલાવી રહયા હતાં અને વાહન ચલાવવાનું કૃત્ય એટલી બેદરકારીભર્યુ હતુ કે જેથી આરોપીને સદર અકસ્માત સંદર્ભે ફોજદારી જવાબદારી માટે કસુરવાન ઠરાવી શકાય.

**૬(૧)** ઉપરોકત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી, આ કામમાં પડેલા પુરાવાથી હાલનાં બનાવ માટે આરોપી જવાબદાર છે ? બનાવ વખતે બનાવમાં કહેવાતું વાહન આરોપી ચલાવતા હતાં કે કેમ? તેમજ તેઓની ગુનાહિત બેદરકારીનાં કારણે હાલનો બનાવ બનેલ છે કે કેમ ? તે બાબતે બચાવ પક્ષે ઉઠાવેલ તકરારના સંદર્ભમાં આ કેસના પુરાવાનું મૂલ્યાંકન કરવુ જોઈએ.

(૭) ફરીયાદ પક્ષ તરફે **આંક– ૨૧** થી ફરીયાદી સુનીલભાઈ જીવાભાઈ વાઢેળ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,'' બનાવ આશરે નવેક વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે સાંજના પાંચેક વાગ્યે હુ રાજમોતી વર્ક શોપમાં કામ કરતો હતો તે વખતે મને ટેલીફોન ધ્વારા જાણ કરેલ કે તારા બાપુજી જીવાભાઈનુ મેમણ કોલોની પાસે અકસ્માત થયેલ છે અને કોડીનાર સરકારી દવાખાને ૧૦૮ માં લઈ ગયેલ છે તમે આવો જેથી હું કોડીનાર સરકારી દવાખાને આવેલ અને જોયેલ તો મારા પિતા મરણ હાલતમાં હતા, તે પછી મે મારા પિતાજીના શેઠ અશોકભાઈને પુછતા મને જાણવા મળેલ કે ,અશોકભાઈનો ટ્રક લઈ મારા પિતા બરોડા ગયેલ હતા. અને બનાવના દિવસે બપોરના બારેક વાગ્યે કોડીનાર આવેલા અને કોડીનાર અશોકભાઈનુ સ્પ્લેન્ડર લઈ દુકાને જતા હતા તે વખતે મેમણ કોલોની પાસે ટ્રક નંબર જી.જે.–૧૧–એકસ–૮૭૨૦ ના ચાલકે ટકકર મારતા મારા પિતાજી ટ્રકના પાછળના વ્હીલમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા મરણ ગયેલ હોવાનુ મે જાણેલુ. બનાવ સમયે ટ્રક કોણ ચલાવતુ હતુ તેની મને ખબર નથી. બનાવની મે ફરીયાદ આપેલી. ફરીયાદની ખરીનકલ જોઈને કહુ છુ કે, જેમાં મારી સહી છે. જે હુ ઓળખુ છુ. જે રજુ દા.**આંક–૨૨.**''ત્યાર બાદ આરોપી તરફે ઉ.ત કરવામા આવેલ છે. જેમા ફરિયાદીએ પુરાવો આપેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે બનાવ વિશે મે લોકોના કહેવાથી જાણેલું.

(૮) ફરીયાદ પક્ષ તરફે **આંક– ૨૩** થી સાહેદ જોશનાબેન જીવાભાઈ વાઢેળ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,'' બનાવ આશરે નવેક વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે હુ મજુરીએ ગયેલ હતી અને મારા ઘરે આવેલ ત્યારે મને સમાચાર મળેલ કે, મારા પતિનો અકસ્માત થયેલ છે. જેથી મે મારા દિકરા સુનીલને ફોન કરી બનાવની જાણ કરેલી અને મારો દિકરો સુનીલ કોડીનાર સરકારી દવાખાને ગયેલો અને રાતના મારા પતિની ડેડ બોડી લઈ અમારા ઘરે આવેલા અને મારા દિકરા સુનિલે મને વાત કરેલી કે મારા બાપુજી તેમના શેઠનું મો.સા. લઈ શેઠની દુકાને જતા હતા ત્યારે મેમણ કોલોની આગળ કોઈ ટ્રકના પાછલા ટાયરમાં આવી જતા મારા બાપુજીને ગંભીર ઈજાઓ થતા મરણ ગયેલ છે, તે સિવાય બીજુ કાંઈ બનેલુ નહી. પોલીસે મારો જવાબ લીધેલો." હાલ ના સાહેદ ને વિ.એ.પી.શ્રી એ ફરી ગયેલ સાક્ષી જાહેર કરી ઉ×ત કરવા મા આવેલ છે.ત્યાર બાદ આરોપી તરફે ઉ.ત કરવા

મા આવેલ છે. જેમા સાહેદ એ પુરાવો આપેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ વિશે મે લોકોના કહેવાથી જાણેલુ.

(૯) ફરીયાદ પક્ષ તરફે **આંક– ૨૪** થી સાહેદ રફીકભાઇ વલીભાઇ કાપડીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,'' બનાવ આશરે આઠેક વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે સાંજના પાંચ–છ વાગ્યે તવકકલ ટ્રેકીંગ નામની દુકાને બેઠો હતો તે વખતે રોડ ઉપર દેકારો થતા હુ દોડીને ત્યાં ગયેલો અને તે વખતે એક મો.સા. ચાલક રોડ ઉપર મોટરસાયકલ સાથે પડેલ હતો અને કોઈ ટ્રક વાળો ટકકર મારી ભાગી ગયેલ હતો તેવુ મે જાણેલુ પછી આજુબાજુના માણસો ભેગા થઈ જતા ૧૦૮ મા મોટરસાયકલ ચાલકને દવાખાને ગયેલા. મો.સા. નો કે ટ્રકનો નંબર શુ હતો તેની મને ખબર નથી. પોલીસે મારો જવાબ લીધેલો." હાલ ના સાહેદ ને વિ.એ.પી.શ્રી એ ફરી ગયેલ સાક્ષી જાહેર કરી ઉ×ત કરવા મા આવેલ છે.ત્યાર બાદ આરોપી તરફે ઉ.ત કરવા મા આવેલ છે. જેમા સાહેદ એ પુરાવો આપેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ વિશે મને કોઇ જાત માહીતી નથી કે મને કોઇ ગાડીના નંબરની ખબર નથી.

(૧૦) ફરીયાદ પક્ષ તરફે **આંક– ૨૬** થી સાહેદ રમેશભાઇ જોધાભાઇ મેવાડાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,'' આજથી આશરે દસેક વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે સાંજના છયેક વાગ્યે હુ મારી ગેરેજે કોડીનાર વેરાવળ હાઈવે ઉપર બેઠો હતો તે વખતે પોલીસ આવેલી અને મારુ નામ સરનામુ પુછેલુ પોલીસ રોડ ઉપર કોઈ ગાડીનો અકસ્માત થયેલો તે બાબતે આવેલી તે સિવાય બીજુ કાઈ જાણતો નથી. કઈ ગાડીનો અને કયા અકસ્માત થયેલો તેની મને ખબર નથી. પોલીસે મારો જવાબ લીધેલો." હાલ ના સાહેદ ને વિ.એ.પી.શ્રી એ ફરી ગયેલ સાક્ષી જાહેર કરી ઉ×ત કરવામા આવેલ છે.ત્યાર બાદ આરોપી તરફે ઉ.ત કરવા મા આવેલ છે. જેમા સાહેદ એ પુરાવો આપેલ છે કે, મને પંચનામામા સહી કરવાનુ કહેતા મે સહી કરેલી .

(૧૧) ફરીયાદ પક્ષ તરફે **આંક– ૪૧** થી સાહેદ હર્ષદભાઇ જીવાભાઇ વાઢેર ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ આશરે

દસેક વર્ષ પહેલા બનેલો બનાવ સમયે હુ મારા મામા ના ઘરે હતો તે વખતે મારા ભાઈ સુનીલે મને કહેલ કે પપ્પાનો અકસ્માત થયેલ છે જેથી હુ પાવટી મુકામે મારા ઘરે આવેલો અને સાંજે મારા પપ્પાની ડેથ બોડી ઘરે આવેલી અને પછી અમે અગ્નીસંસ્કાર કરેલ અને મને વાતોવાતોથી જાણવા મળેલ કે મારા પપ્પા તેમના શેઠનુ મો.સા. લઈ જતા હતા ત્યારે મેમણ કોલોની આગળ કોઈ આયશરવાળાએ ટકકર મારતા મારા પિતાજી સ્થળ પર મરણ ગયેલ હતા તે સિવાય બીજુ કાઈ જાણતો નથી. પોલીસે મારો જવાબ લીધેલો. હાલ ના સાહેદ ને વિ.એ.પી.શ્રી એ ફરી ગયેલ સાક્ષી જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીપક્ષ તરફે ઉ×ત કરવામા આવેલ નથી.

(૧૨) ફરીયાદ પક્ષ તરફે **આંક–૪૨** થી સાહેદ મુસાભાઇ ફતેમહમદ ઢેબાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ આશરે દસેક વર્ષ પહેલા બનેલો બનાવ સમયે હુ મારી ગેરેજે હતો તે વખતે જીવાભાઈના દિકરા સુનીલે મને ફોન કરેલ અને કહેલ કે મારા પિતા જીવાભાઈનુ મેમણ કોલોની આગળ અકસ્માત થયેલ છે અને કોડીનાર સરકારી દવાખાને લઈ ગયેલ છે જેથી હુ કોડીનાર સરકારી દવાખાને ગયેલો અને મે જોયેલ તો જીવાભાઈ મરણ ગયેલ હાલતમા હતા અને પછી મને વાતોવાતોથી જાણવા મળેલ કે મેમણ કોલોનીવાળાએ કોઈ ટ્રકવાળાએ જીવાભાઈ ને હડફેટે લેતાનું મને જાણવા મળેલુ તે સિવાય બીજુ કાઈ જાણતો નથી. પોલીસે મારો જવાબ લીધેલો. હાલ ના સાહેદ ને વિ.એ.પી.શ્રી એ ફરી ગયેલ સાક્ષી જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીપક્ષ તરફે ઉ×ત કરવામા આવેલ નથી.

(૧૩) ફરીયાદ પક્ષ તરફે **આંક–૪૩** થી સાહેદ ભુપતભાઇ ભગવાનભાઇ સોલંકીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ આશરે દસેક વર્ષ પહેલા બનેલો બનાવ સમયે હુ મારી ગેરેજે હતો તે વખતે જીવાભાઈના દિકરા સુનીલે મને ફોન કરેલ અને કહેલ કે મારા પિતા જીવાભાઈનુ મેમણ કોલોની આગળ અકસ્માત થયેલ છે અને કોડીનાર સરકારી દવાખાને લઈ ગયેલ છે જેથી હુ કોડીનાર સરકારી દવાખાને ગયેલો અને મે જોયેલ તો જીવાભાઈ મરણ ગયેલ હાલતમા હતા અને પછી મને વાતોવાતોથી જાણવા મળેલ કે મેમણ કોલોનીવાળાએ કોઈ ટ્રકવાળાએ જીવાભાઈ ને હડફેટે લેતાનું મને જાણવા મળેલુ તે સિવાય બીજુ કાઈ જાણતો નથી. પોલીસે મારો જવાબ લીધેલો.હાલ ના સાહેદ ને વિ.એ.પી.શ્રી એ ફરી

ગયેલ સાક્ષી જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીપક્ષ તરફે ઉ×ત કરવામા આવેલ નથી.

**(૧૪)** ફરીયાદ પક્ષ તરફે **આંક– ૪૪** થી સાહેદ અરશીભાઇ માલમભાઇ વાજાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ આશરે દસેક વર્ષ પહેલા બનેલો બનાવ સમયે હુ મારી ગેરેજે હતો તે વખતે જીવાભાઈના દિકરા સુનીલે મને ફોન કરેલ અને કહેલ કે મારા પિતા જીવાભાઈનુ મેમણ કોલોની આગળ અકસ્માત થયેલ છે અને કોડીનાર સરકારી દવાખાને લઈ ગયેલ છે જેથી હુ કોડીનાર સરકારી દવાખાને ગયેલો અને મે જોયેલ તો જીવાભાઈ મરણ ગયેલ હાલતમા હતા અને પછી મને વાતોવાતોથી જાણવા મળેલ કે મેમણ કોલોનીવાળાએ કોઈ ટ્રકવાળાએ જીવાભાઈ ને હડફેટે લેતાનું મને જાણવા મળેલુ તે સિવાય બીજુ કાઈ જાણતો નથી. પોલીસે મારો જવાબ લીધેલો. હાલ ના સાહેદ ને વિ.એ.પી.શ્રી એ ફરી ગયેલ સાક્ષી જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીપક્ષ તરફે ઉ×ત કરવામા આવેલ નથી.

**(૧૫)** ઉપરોકત તમામ સાહેદોની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો હાલના બનાવમાં હાલના આરોપી બનાવ સમયે અકસ્માતવાળું વાહન ચલાવતા હોય તેમજ તે સમયે આ આરોપી ઉપરોકત વાહન ગફલત ભરી, બેદરકારી રીતે, અથવા તો મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે ચલાવી હાલનો અકસ્માત કરેલ તેવો કોઈ વિશ્વાસપાત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી.આ કામે ફરીયાદ પક્ષે તમામ સાહેદોનો મૌખીક પુરાવો જોતાં ટ્રક ચાલકે મરણ જનારના સ્પ્લેન્ડર મોટર સાઈકલને હડફેટે લઈ મરણ નજારના માથાના ભાગે જીવલેણ ઈજા કરી અકસ્માતમા જીવાભાઈ નારણભાઈ વાઢેરનો અકસ્માતમાં ગંભીર ઈજા થતા મરણ ગયેલ તેવી હકીકત પુરવાર થાય છે. આ કામના ફરિયાદી સુનીલભાઈ તેમની જુબાનીમાં અશોકભાઈનુ સ્પ્લેન્ડર લઈ દુકાને જતા હતા તે વખતે મેમણ કોલોની પાસે ટ્રક નંબર જી.જે.–૧૧–એકસ–૮૭૨૦ ના ચાલકે ટકકર મારતા મારા પિપતાજી ટ્રકના પાછળના વ્હીલમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા મરણ ગયેલ હોવાનુ મે જાણેલુ. બનાવ સમયે ટ્રક કોણ ચલાવતુ હતુ તેની મને ખબર નથી એવી હકીકત જણાવે છે. આમ, ફરિયાદી તેમની જુબાનીમાં અકસ્માત કરનાર વાહનનો નંબર જણાવે છે પરંતુ તે નંબરવાળુ વાહન હાલના આરોપી ચલાવતા

હતા તેવી કોઇ હકીકત જણાવતા નથી. ફરીયાપક્ષ તરફે તપાસવામાં આવેલા નજરે જોનાર સાહેદો તથા અન્ય સાહેદોના પુરાવાના આધારે પણ અકસ્માત કરનાર વાહન ટ્રક નો નંબર શું હતો તથા તેનો ચાલક કોણ હતો તે મહત્વની હકીકત પુરવાર થતી નથી.

આમ અકસ્માત નો બનાવ કેવી રીતે બનેલો તથા અકસ્માત કરનાર વાહન નો નંબર તથા ચાલક કોણ હતો તે મહત્વની હકીકત જણાવી શકેલ નથી.તેટલુ નહી પરતુ તમામ સાહેદો ને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રી એ નંબર બાબતે ઉ.ત કરેલ છતા સાહેદ એ તેમના નિવેદન મા સદર અકસ્માત હાલના વાહન નંબર સાથે કે આરોપી દવારા કરવામા આવેલ હોવાનો ઈન્કાર કરેલ છે. આ કેસમાં જે નજરે જોનાર સાહેદો રહેલા છે તેઓએ પણ ફરિયાદપક્ષના કેસને કોઈ સમર્થન આપેલ નથી. ફરિયાદી તથા અન્ય સાહેદોએ અકસ્માત નો બનાવ નજરે જોયેલ ન હોય અકસ્માતના બનાવ અંગે કોઈ જાતમાહિતી નથી.

આમ, ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯,૩૦૪(અ) મુજબના કોઈ મહત્વના તત્વો ફલીત કરતો પુરાવો આ ઉપરોકત સાહેદો ધ્વારા પોતાની સોગંદ પરના પુરાવામાં જણાવવામાં આવેલ નથી. ત્યારે આ પુરાવા આધારે હાલના આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯,૩૦૪(અ) મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવવા માટે કોઈ નકકર પુરાવાઓ આ કામે ફરિયાદી પક્ષે રજુ કરવામાં આવેલ નથી. આ કામે અકસ્માતનો બનાવ બનેલ હોવાની હકકીતો ફરીયાદ પક્ષના પુરાવાથી પુરવાર થાય છે પરંતુ આ કામે હાલના આરોપી બનાવ સમયે અકસ્માતવાળો ટ્રક ચલાવતા હોવાનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આથી, આરોપીની બેદરકારીના કારણે બનેલ હોવા અંગે શંકા ઉપસ્થિત થાય છે. આથી ફરીયાદ પક્ષના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આરોપી સામેના ગુનાના તત્વો નિ:શંકપણે પુરવાર થતા નથી.

**( ૧૬ )** ત્યાર બાદ આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૪(અ) મુજબનો ગુનો આક્ષેપવામાં આવેલ છે. ત્યારે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૪(ક) ધ્યાને લેવામાં આવે તો :

**કલમ – ૩૦૪(ક):** કોઈ પણ (વ્યકિત) સાપરાઘ મનુષ્ય વધ ન ગણાય તેવું બેફામપણે કરેલું અથવા બેદકારી ભર્યુ કૃત્ય કરીને કોઈ વ્યકિતનું મૃત્યુ નિપજાવે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પણ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**( ૧૭ )** હાલની ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો કોઈ પણ વ્યકિતને આ ગુના અન્વયે ત્યારે જ તકસીરવાન ઠરાવી શકાય છે કે જયારે પુરાવાકીય રીતે આરોપી બનાવ સમયે તેવુ કૃત્ય કરેલ હોય કે બેફામ પણે કરેલ હોય અથવા બેદરકારી રીતે કરવામાં આવેલ હોય,પરંતુ ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ આ કામે ફરિયાદ પક્ષે રજુ કરવામાં આવેલ મૌખીક પુરાવાઓને ધ્યાને લેવામાં આવે તો આ કામે હાલનો આરોપી બનાવ સમયે બનાવવાળું વાહન ચલાવતો હોય તેમજ બેફામ રીતે, બેદરકારી ભરી રીતે અથવા તો મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે ચલાવતો હોવા બાબતે કોઈ સક્ષમ પુરાવો મળી રહેલ નથી.ત્યારે હાલના આક્ષેપીત ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૪(ક) માટે પણ હાલના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવું મારૂ નમ્રપણે માનવું છે.

**( ૧૮ )** ફરીયાદપક્ષ તરફે અકસ્માતના કેસોમાં મુખ્યત્વે નીચે જણાવેલ હકીકતો સાબિત કરવાની હોય છે.

૧) અકસ્માત સમયે અકસ્માત કરનાર વાહનનો ચાલક આરોપી હતો.

૨) અકસ્માત સમયે આરોપીએ વાહન પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારી પૂર્વક હંકારેલ હોવાના કારણે અકસ્માત થયેલ.

૩) સવારી રાખનાર ની બેદરકારીના કારણે અકસ્માત થયેલ હોય.

આમ ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા બાકી રજુ દસ્તાવેજી કાગળ જોવામાં આવે તો તે પોસ્ટમોર્ટમ રીપોર્ટ તેમજ ઈન્કવેસ્ટ પંચનામા સરકાર પક્ષને મદદરુપ સમર્થન કરતો પુરાવો બનતો નથી.આ કામે તપાસેલ સાહેદોના પુરાવા મારફતે આ કામના આરોપીની અકસ્માત કરનાર વાહનના ચાલકની ઓળખ પુરવાર થતી નથી. આમ આ સાથે જયારે અકસ્માત કરનાર ડ્રાઈવર આરોપી જ હતો તેવુ પુરવાર થતુ નથી, ત્યારે **નામ. સુપ્રિમ કોર્ટના બસપ્પા વિરુધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકા માં નામ. કોર્ટ નોંધેલ છે કે અકસ્માત સમયે વાહન હંકારનારની ઓળખ સાબીત થવી જોઈએ.** જયારે આ કેસની ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ઓળખ સાબીત થતી નથી. જેથી આરોપીએ વાહનનો કબજો ધરાવી તેની બેદરકારીના કારણે અકસ્માત થયાનુ પુરવાર થતુ નથી. તેથી આરોપીને દોષીત માની શકાય નહી અને માત્ર અનુમાન કે ધારણાના આધારે બેદરકારી કે ઓળખ નકકી કરી શકાય નહી. જેથી, કાયદાની જોગવાઈઓ અનુસાર આરોપીને શંકાનો લાભ આપવો વ્યાજબી અને ન્યાયી જણાય છે.

આમ, આ સંજોગોમાં આરોપીનું નોંધવામાં આવેલ નિવેદનમાં જણાવ્યા મુજબનો આક્ષેપીત ગુનો કરેલો હોવાનું શંકાથી પર રહીને સાબીત કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલા ન હોય મુદ્દા નં.૧ નો નિર્ણય ''**નકારમાં**'' નિર્ણિત કરી મુદ્દા નં .૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના આરોપી :**શરીફશા સુમારશા રફાઈ**, ઉ.વ.૨૨, રહે. મેંદરડા નવા બસસ્ટેન્ડ સામે, ઈન્ડીયન પેટ્રોલ પંપ પાછળ, મેંદી પીર વિસ્તાર, તા. મેંદરડા, જિ.જુનાગઢ નાઓને ક્રિ.પ્રો.કો.ની કલમ ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ-૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ -૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ અગાઉ આપેલ જામીન ક્રિ. પ્રો. કોડની કલમ-૪૩૭(એ) અન્વયે ૬ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ૧૫, માહે : જુલાઈ, સને :૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી ,સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તારીખ: ૧૫/ ૦૭/૨૦૨૬
મુકામ: કોડીનાર

**(પઠાણ સજ્જાદહુસેન સગીરહુસેન)**
એડી. ચીફ. જ્યુડી.મેજી., કોડીનાર
જજ કોડ નં. જીજે ૦૧૨૭૩